દાખલ તારીખ : ૨૦/૦૪/૨૦૦૭

રજૂ કર્યા તારીખ : ૨૦/૦૪/૨૦૦૭

ફૈંસલ કર્યા તારીખ : ૦૯/૦૭/૨૦૨૪

સમય : વર્ષ માસ દિવસ

**મહે. ૧૬ મા, એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ (અમદાવાદ શહેર) સાહેબની કોર્ટ મધ્યે, અમદાવાદ.**

**ફોજદારી કેસ નં. : ૩૦૦૮૬૯/૨૦૦૭**

**આંક – ................**

**<u>ફરીયાદી :–</u>**

શ્રી સ ર કા ર

વિરૂધ્ધ

**<u>તહોમતદારો :–</u>**

(૧) રામુ દોરા સ્વામી જૈનમાલ દેવેન્દ્ર(મદ્રાસી), ઉ. વ. – ૨૧,

(૨) સોનુ પુનમલાઈ દેવેન્દ્ર (મદ્રાસી), ઉ. વ. – ૨૧,

બંને રહે. હસમુખલાલ કેશવલાલની ચાલી, (મદ્રાસી છાપરા),

મેઘાણીનગર, અમદાવાદ.

**ગુન્હો : ભારતીય દંડ સંહિતાની કલમ – ૩૨૪, ૩૨૩, ૨૯૪(ખ), ૧૧૪ તથા બી. પી. એકટ કલમ – ૧૩૫(૧) મુજબ**

---

**ફરીયાદ પક્ષે : વિ. એ. પી. પી. શ્રી એચ. બી. દેસાઈ**
**તહોમતદારો તરફે : વિ. વ. શ્રી પી. એચ. વાઘેલા**

---

## -:: ચુ કા દો ::-

(૧) આ કામની ફરીયાદની હકીકત ટુંકમાં એવી છે કે, આ કામના તહોમતદારોએ તા. ૨૩/૦૩/૨૦૦૭ ના કલાક ૨૩/૦૦ વાગ્યા સમયે રામેશ્વર મદ્રાસીના છાપરા પાસે જઈ રોડ ઉપર મોટર સાયકલ પુર ઝડપે ચલાવી લાવવાં બાબતે ફરીયાદી સાથે ઝગડો કરી ગાળગાળી કરી ગડદાપાટુથી માર મારી તથા આ કામના સાહેદ નં – ૬ ને ડાબા કાન ઉપર તથા તહોમતદાર નં – ૨ વાળાએ ચપ્પા વડે ઈજાઓ કરેલ હોવાની હકીકતો આધારીત ફરીયાદ આ કામના ફરીયાદીએ મેઘાણીનગર પોલીસ સ્ટેશનમાં જાહેર કરતા આ ફરીયાદ ગુ. ર. નં. – ૪૪/૨૦૦૭ થી ઈ. પી. કો. કલમ – ૩૨૪, ૩૨૩, ૨૯૪(ખ), ૧૧૪ તથા બી. પી. એકટ કલમ – ૧૩૫(૧) મુજબની દાખલ કરેલી. આ ગુનાના કામે તપાસ કરનાર અમલદારે તપાસના અંતે પુરાવો જણાતાં તહોમતદારો વિરૂઘ્ઘ ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ – ૧૭૩ અન્વયે ચાર્જશીટ તા. ૨૦/૦૪/૨૦૦૭ ના રોજ દાખલ કરેલ હતું.

(૨) આ કામના તહોમતદારોને સમન્સની બજવણી થતાં વકીલશ્રી મારફતે તહોમતદારો હાજર થતા તહોમતદારોને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ – ૨૦૭ ની જોગવાઈઓને આધીન રહી પોલીસ તપાસના કાગળોની નકલો વિના મુલ્યે મળ્યા અંગેની ખાત્રી થયા બાદ મારા પુરોગામીશ્રી તરફથી તા. ૫/૨/૨૦૧૫ ના રોજ આક્ષેપિત ગુનાનું તહોમતનામું આંક – ૦૩ થી ફરમાવી વાંચી સમજાવી તહોમતદારોનું નિવેદન આંક –૦૪ તથા ૦૫ થી નોંધતાં તહોમતદારોને ગુન્હો કબુલ ન હોવાથી ફરીયાદપક્ષના પુરાવા પર મુલત્વી રાખેલ.

(૩) આ કામે ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે.

### -: ફરીયાદ પક્ષનો મૌખિક પુરાવો :-

૧. આંક – ૧૮ થી તપાસ કરનાર અધીકારીશ્રી અલ્પેશભાઈ વાડીલાલ રાજગોરનો સોગંદ પરનો પુરાવો.

## -: ફરીયાદ પક્ષનો દસ્તાવેજી પુરાવો :-

૧. આંક – ૧૯ થી વર્ધી

૨. આંક – ૨૦ થી ફરિયાદ

૩. આંક – ૨૧ થી ચાર્જ અમલદારનો રીપોર્ટ

૪. આંક – ૨૨ થી બનાવવાળી જગ્યાનું પંચનામું.

૫. આંક – ૨૩ થી સારવાર સર્ટી આપવાનો રીપોર્ટ

૬. આંક – ૨૪ થી ઈન્જરી સર્ટીફીકેટ

૭. આંક – ૨૫ થી તહોમતદારોને અટક કર્યાનું પંચનામું રજું.

૮. આંક – ૨૬ થી કલમ – ૨૯૪(ખ)નો ઉમેરો કરવા પત્ર રજું.

આ કામે ફરીયાદી અને અન્ય સાહેદોને અવાર – નવાર સમન્સ તથા વોરંટ કરવામાં આવેલ છે. પરંતુ આ કામના ફરીયાદી તથા સાહેદને કરવામાં આવેલ પ્રોસેસ બજવણી થયા વગરના પરત આવેલ હોવાની હકીકતોએ આ કામે ફરીયાદી કે અન્ય કોઈ સાહેદો તપાસી શકાયેલ નથી. ત્યાર બાદ આ કામે ફરીયાદપક્ષે મૌખિક રીતે વિ. એ. પી. પી. શ્રી એ પુરાવો પુરો થયાનું જાહેર કરેલ છે.

(૪) આ કામે ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયા બાદ રેકર્ડ વંચાણે લેતાં હાલના કામે સી. આર. પી. સી ની કલમ – ૩૧૩ મુજબનું વિશેષ નિવેદન લેવામાં આવતા તહોમતદારોએ પુરાવાનો ઈન્કાર કરેલ છે. તહોમતદારોના વિશેષ નિવેદનમાં ઈન્કારથી વિશેષ કોઈ હકીકતો જણાઈ આવતી નથી. ત્યારબાદ સદર કામે બંને પક્ષોની વિસ્તૃત દલીલો સાંભળવામાં આવી.

(૫) ઉપરોકત કેસની હકીકત, સંજોગો અને રજુ કરવામાં આવેલ પુરાવાઓને ધ્યાને લેતાં ન્યાય નિર્ણય માટે નીચેના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

## -:: મુદ્દાઓ ::-

(૧) શું ફરીયાદ પક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના તહોમતદારોએ તા. ૨૩/૦૩/૨૦૦૭ ના કલાક ૨૩/૦૦ વાગ્યા સમયે રામેશ્વર

મદ્રાસીના છાપરા પાસે જઈ રોડ ઉપર મોટર સાયકલ પુર ઝડપે ચલાવી લાવવાં બાબતે ફરીયાદી સાથે ઝગડો કરી ગાળગાળી કરી ગડદાપાટુથી માર મારી તથા આ કામના સાહેદ નં – ૬ ને ડાબા કાન ઉપર તથા તહોમતદાર નં – ૨ વાળાએ ચપ્પા વડે ઈજાઓ કરી ઈ. પી. કો. કલમ – ૩૨૪, ૩૨૩, ૨૯૪(ખ), ૧૧૪ તથા બી. પી. એકટ કલમ – ૧૩૫(૧) મુજબનો સજાને પાત્ર ગુન્હો કર્યો છે ?

(૨) શું હુકમ ?

**(૬)** ઉપરોકત મુદ્દાઓનો ન્યાય નિર્ણય નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

**<u>– :: કારણો :: –</u>**

**<u>મુદા નં – ૦૧ ના કારણોની ચર્ચા</u> :–**

**(૭)** આ કામે આંક – ૧૮ થી તપાસ કરનાર અધીકારીશ્રી અલ્પેશકુમાર વાડીલાલ રાજગોર સોગંદ પરના પુરાવામાં જણાવે છે કે, સને ૨૦૦૭ માં મેઘાણીનગર પોલીસ સ્ટેશનમાં પી. એસ. આઈ. તરીકે ફરજ બજાવતા હતા. તે સમયે પી. એસ. ઓ. તરફથી તા. ૨૪/૩/૦૭ ના રોજ સીવીલ હોસ્પીટલની વર્ધી મોકલતા તે મદ્રાસી ચાલીમાં એક ઈસમે શરીરની ઈજાઓ સાથે સારવાર માટે આવેલ હોવાનું જણાવેલ. જે વર્ધી આધારે ટ્રોમા વોર્ડમાં ગયેલ. ત્યાં ઈજા પામનાર ઈસમ સંજયની સારવાર ચાલુ હોય ફરીયાદી પ્રમોદ ભદોરીયાની લખાવ્યા મુજબની તા. ૨૪/૩/૦૭ ના રોજની લખી લીધેલી. જેમાં ફરીયાદીની સહી હોવાનું જણાવી યાદી આંક – ૧૯ થી તથા ફરીયાદ આંક – ૨૦ થી રજૂ રાખેલ છે. આ કામમાં ગુનો દાખલ કરવા ચાર્જ અમલદારને રીપોર્ટ આપેલ જે આંક – ૨૧ થી રજૂ છે. સદર તપાસના કામે બનાવ સમયે હાજર સાહેદોના નિવેદનો લીધેલ. બનાવવાળી જગ્યાનું પંચો રૂબરૂ પંચનામું કરેલ તેમ જણાવી પંચનામું આંક – ૨૨ થી રજૂ કરેલ છે. આ કામે તપાસ દરમ્યાન તહોમતદારો ના નામ ખુલતા તહોમતદારોને અટક કરેલ અને પંચો રૂબરૂ પંચનામું કરેલ. આ કામે અન્ય તહોમતદારની સંડોવણી હોય તેઓને અટક કરેલા. ઈજા

પામનારની સારવાર કરનાર ડોકટરશ્રીનું સર્ટીફીકેટ મેળવવા યાદી કરવામાં આવેલ હોવાનું જણાવી આંક – ૨૩ થી તથા ઈન્જરી સર્ટીફીકેટ આંક – ૨૪ થી રજૂ રાખેલ છે. તેમજ તહોમતદારોને અટક કર્યાનું પંચનામું આંક – ૨૫ થી રજૂ રાખેલ છે. આ કામે બનાવ સમયે તહોમતદારોએ ફરીયાદી તેમજ સાહેદોને બીભસ્ત ગાળો આપેલ હોય કલમ – ૨૯૪(ખ) મુજબનો ગુનો ઉમેરવાનો રીપોર્ટ કરેલ હોવાનું જણાવી આંક – ૨૬ થી રજૂ રાખેલ છે.

આ તપાસ કરનાર અધીકારીશ્રી તહોમતદારો તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં આક્ષેપાત્મક સ્વરૂપના અને ઈન્કાર સ્વરૂપના પ્રશ્નો પુછવામાં આવેલ છે. જેનો સાહેદે ઈન્કારમાં જવાબ આપેલ છે.

(૮) આ કામે ફરીયાદ પક્ષે રજૂ રાખવામાં આવેલ પુરાવાની હકીકતો ધ્યાને લેવામાં આવે તો આ કામે તપાસ કરનાર અધીકારીશ્રી સીવાય અન્ય કોઈ સાહેદો મળી આવેલ ન હોય તેઓને તપાસી શકાયેલ નથી. આ કામે તપાસ કરનાર અધીકારીશ્રી પોતાના સોગંદ પરના પુરાવામાં ફરીયાદ તથા પંચનામા તથા અન્ય દસ્તાવેજી પુરાવાઓ રજૂ રાખી રહેલ છે. પરંતુ આ કામે આ દસ્તાવેજોને સમર્થન કરવા માટે જરૂરી સાહેદો અદાલત સમક્ષ આવતા નહી હોવાની હકીકતોએ આ દસ્તાવેજો રજૂ થવા માત્રથી સાબિત માની શકાય તેવી સ્થિતિ જણાઈ આવતી નથી. આ કામના ફરીયાદી તથા અન્ય સાહેદો મળી આવતા ન હોય આ બનાવ ખરેખર કેવી રીતે બનવા પામેલ તથા આ બનાવમાં થયેલ ઈજાની હકીકતો અદાલતના રેકર્ડ પર સાબિત કરી શકાયેલ હોવાની સ્થિતિ રહેલ નથી. આ કામના ફરીયાદી અને ઈજા પામનાર કે જેઓ આ કામે હિત ધરાવતા સાહેદો છે તેઓની ગેરહાજરીમાં આ કામે ફરીયાદ પક્ષે તહોમતદારો વિરૂધ્ધનો ગુનો નિ:શંક પણે સાબિત કરેલ હોવાનું માની શકાય તેવી કાયદાની સ્થિતિ જણાઈ આવતી નથી.

(૯) આ કામે જયારે ફરીયાદી અને સાહેદો અદાલત સમક્ષ બનાવની હકીકતોને સમર્થન કરવા હાજર થયેલ નથી. તે હકીકતોએ આ કામે ફરીયાદ પક્ષના પુરાવામાં મહત્વની ક્ષતિઓ અને ખામીઓ હોવાનું જણાઈ આવેલ છે. આ કામે પુરાવા દરમ્યાન જણાઈ આવેલ ક્ષતિઓ અને ખામીઓનો લાભ તહોમતદારોને આપવો જોઈએ. તેવું નામદાર મહેરબાન સર્વોચ્ચ અદાલત

તથા નામદાર મહેરબાન વડી અદાલતોએ અનેક ચુકાદાઓથી સ્થાપિત કરેલ છે. જે માર્ગદર્શક સીધ્ધાંતો ધ્યાને લેતા આ કામે પુરાવા દરમ્યાન રહેલ ક્ષતિઓ અને ખામીઓનો લાભ પણ તહોમતદારોને આપવો જોઈએ તેમ મારૂ નમ્ર પણે માનવું છે.

ઉપરોકત રેકર્ડ પરની તમામ હકીકતો તથા કારણો તથા સંજોગો તથા કાયદાની સ્થિતિ તથા પરિસ્થિતિ ધ્યાને લઈ મુદ્દા નંબર – ૧ નો જવાબ ''નકાર'' માં આપી, મુદ્દા નંબર – ૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**– :: આખરી હુકમ :: –**

૧. આ કામે મેઘાણીનગર પોલીસ સ્ટેશન ના ગુ. રજી. નં. I – ૪૪/૨૦૦૭ ના કામે તહોમતદાર નં – ૧) રામુ દોરા સ્વામી જૈનમાલ દેવેન્દ્ર(મદ્રાસી), ઉ. વ. – ૨૧, તથા તહોમતદાર નં – ૨) સોનુ પુનમલાઈ દેવેન્દ્ર (મદ્રાસી), ઉ. વ. – ૨૧, બંને રહે. – હસમુખલાલ કેશવલાલની ચાલી, (મદ્રાસી છાપરા), મેઘાણીનગર, અમદાવાદવાળાઓને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ – ૨૪૮(૧) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ –૩૨૪, ૩૨૩, ૨૯૪(ખ), ૧૧૪ તથા બી.પી એકટ કલમ – ૧૩૫(૧) મુજબનાં શિક્ષાપાત્ર ગુનાઓમાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આ કામે કબજે કરવામાં આવેલ મુદામાલ હથીયાર અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૩. આ કામેના તહોમતદારોએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ – ૪૩૭(એ) મુજબ રૂા. ૫,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) ના જામીન તથા જાત મુચરકા છ માસ સુધીના સમયગાળા સુધીનાં સમયગાળા માટેનાં ઉપરની અદાલતમાં જો અપીલ થાય તો તેમાં હાજર રહેવા માટેના આપવા.

આ હુકમ આજ રોજ તા. – ૦૯ મી, માહે – જુલાઈ, સને – ૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી,સંભળાવી મારી સહી કરીને જાહેર કર્યો.

**તા. ૦૯.૦૭.૨૦૨૪**
**સ્થળ:–અમદાવાદ.**

**(પરેશગીરી નટવરગર ગોસ્વામી)**
**૧૬ મા, એડી. ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,**
**અમદાવાદ શહેર.**
**કોડ નં – જીજે – ૦૧૦૩૭**

**#TMRANGREJ#**